ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૯.૨ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૦ ટકા

# શહેરમાં મસાલાની ખરીદીની મોસમ જામી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરની ગૃહિણીઓ અત્યારે હાલના સમયે રસોડામાં વિવિધ ચીજવસ્તુ બનાવવા માટે વપરાતા અને અવનવી વાનગીઓને સ્વાદીષ્ટ અને ચટાકેદાર બનાવતા મસાલાની ખરીદીમાં વ્યસ્ત બની છે. શહેરના ખ અને ગ માર્ગ પર શામિયાણો બાંધીને મરચું, હળદર અને ધાણાજીરૂનું વેચાણ કરતા વેપારીઓ નજરે પડી રહ્યા છે. જયારે ગૃહિણીઓમાં ઘઉં, ચોખા અને દાળની વર્ષ દરમિયાનની ખરીદી પણ હાલ ચાલુ જ છે. ત્યારે ગત્ વર્ષ કરતા મસાલાના ભાવમાં નજીવો વધારો જણાતા ગૃહિણીઓમાં ચિંતા પ્રસરી ગઈ છે. છતાં પણ શહેરની ગૃહિણીઓ મસાલાની સિઝન હોવાથી વિવિધ મસાલા ભરવામાં વ્યસ્ત જોવા મળી રહી છે.

ગાંધીનગર શહેરના ગ-૧ પાસે તેમજ ખ માર્ગ પર મરચા તેમજ હળદરના વેપારીઓ દશ્યમાન થાય છે. જયારે ક-૭ થી માણસા તરફના માર્ગ પર તો લાઈન બધ્ધ મસાલાના વેપારીઓ હજ્જારો કિલો મરચુ, હળદર અને ધાણાજીરૂનો વર્ષોથી વેપાર કરે છે. શહેરની ગૃહિણીઓ પણ મસાલાની ખરીદી માટે ત્યાં જવાનું પસંદ કરે છે. તો કેટલાક મહિલાઓ નજીકમાંથી જ ખરીદી કરવાનું પસંદ કરે છે. જયારે મરચાની ખરીદીમાં દેશી મરચું- ૧૮૦ થી ૨૦૦, રેશમપટ્ટી મરચું- ૨૨૦, કાશ્મીરી મરચું- ૨૮૦ કિલોના ભાવે વેચાણ થાય છે. તેમાં ખાસ કરીને શહેરની મહિલાઓ રસોડામાં સ્વાદિષ્ટ અને





ચટાકેદાર અને સામાન્ય તીખાશ ધરાવતુ કાશ્મીરી અને રેશમપટ્ટી મરચાની વિશેષ ખરીદી કરતા નજરે પડે છે. જયારે મરચાની જેમ હળદરમાં પણ અલગ અલગ પ્રકારની આવે છે. ત્યારે એક સાથે વર્ષ ચાલે તેટલા મસાલા ભરવાના હોવાથી મહિલાઓ વિશેષ કાળજી રાખે છે. જયારે હળદરમાં રાજાપુરી, સૈલમ અને વિસનગરી હળદર આવે છે. હળદર સામાન્ય રીતે ૧૬૦ થી ૧૮૦ના કિલોના ભાવે વેચાય છે. પરંતુ તેમાં સૈલમ અને રાજાપુરી હળદર મહિલાઓમાં સૌથી પ્રિય હોવાથી ખરીદી પણ વધુ થતી હોય છે. જયારે વેપારીઓ પણ મરચુ તેમજ હળદર ત્યાં ઉભા રહીને જ દળી આપતા હોવાથી ગ્રાહકને પણ સંતોષ થયા છે. ધાણાજીરૂના કિલોના રૂ.૨૦૦ થી ૨૬૦ ભાવ છે. જેમાં ગ્રીન એપલ કાચી કેરી અને અંગુરી ધાણાજીરૂ નગરની ગૃહિણીઓમાં પહેલી પસંદ છે. ત્યારે મસાલાની સાથો સાથ અનાજમાં વર્ષ દરમિયાનના એકસાથે ભરવામાં આવતા ઘઉં, ચોખા અને દાળની સિઝન પણ હાલ ચાલુ જ છે. જયારે ઘઉં, ચોખા અને દાળ મોટા મોલ તેમજ મોટી દુકાનોમાંથી ગૃહિણીઓ ખરીદી કરે છે. જયારે ઘઉંના ભાવમાં ગત્ વર્ષ કરતા વધારો જોવા મળી રહ્યો છે. વર્ષ દરમિયાનના મસાલા અને અનાજ ભરવાની મોસમ પુરબહારમાં શહેરમાં ખીલી ઉઠી છે ત્યારે ગૃહિણીઓ હોંશે હોંશે વિવિધ મસાલા અને અનાજની ખરીદી કરી રહી છે.

## @ગાંધીનગર

● શહેર પેન્શનર્સ સમાજની માસિક બેઠક સાંજે ૫.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજો માળ સે-૨૧ ખાતે યોજાશે.

● સતવારા કડિયા સમાજની જનરલ મીટીંગ અશોકભાઈ કટેશીયાના નિવાસસ્થાને પ્લોટ નં. ૨૮૬/૩, જી-૧ ટાઈપ, સે-૧૯ ખાતે મળશે.

● કૈલાસબેન રમેશચંદ્ર જોષીની પ્રથમ પુણ્યતિથી નિમિત્તે ગોસ્વામી સંજયભારતીના સાંનિધ્યમાં સુંદરકાંડના સંગીતમય પાઠ પ્લોટ નં. ૪૬૧/૧, સે-૩-સી ખાતે યોજાશે.

## ગાંધીનગર જિલ્લા દલિત સેનાની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા આગામી ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૧૮ને શુક્રવારના રોજ સાંજે ૬ કલાકે આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે મહત્વની બેઠક યોજાશે.

આ બેઠક જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાના અધ્યક્ષસ્થાને યોજાશે. જેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના મામલે સુપ્રિમ કોર્ટના ચુકાદા મામલે ચર્ચા વિચારણા તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ ઉજવણી તેમજ વિવિધ ભાવિ કાર્યક્રમ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવશે. બેઠકમાં તમામ કાર્યકરો અને હોદ્દેદારોને ઉપસ્થિત રહેવા માટે જિલ્લા મહામંત્રી દિનકર પરમાર તથા પુષ્પાબેન ડોડિયાએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## ગાંધીનગરમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડના ૩૭મા સ્થાપના દિનની ઉજવણી કરાઈ

ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘના ઉપક્રમે ગુજરાત મેરીટાઈમ બોર્ડના ૩૭મા સ્થાપના દિનની ઉજવણી કરાઈ હતી. જેમાં કર્મચારીગણ માટે વિવિધ રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

બોર્ડના સ્થાપના દિન નિમિત્તે ઈનડોર અને આઉટડોર રમતો યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓએ ભાગ લીધો હતો. રમત સ્પર્ધામાં કે.વી. શાહ અને એસ.ડી. પરમાર ચેસમાં, મનિષ પંડયા, એ.ડી. પટેલ, રેખાબેન ભીલ અને ગીરાબેન શાહ તથા હેમલતાબેન આસોડિયા કેરમમાં, રંજનબેન ગામેતી, નયનાબેન બોડાત તથા હેમલતાબેન આસોડિયા બરછી ફેંકમાં, નયનાબેન બોડાત, રંજનબેન ગામેતી તથા ધર્મિષ્ઠાબેન તળવી ગોળાફેંક તેમજ ગીરાબેન શાહ, હેમલતાબેન આસોડિયા, નયનાબેન બોડાત ૧૦૦ મીટર દોડમાં વિજેતા બન્યા હતા. સ્પર્ધાના અંતે દરેક વિજેતા સ્પર્ધકને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

# ટી.બી.ના કર્મચારીઓએ પડતર પ્રશ્નો અંગે હડતાલ પાડી

### આજે સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ધરણા યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે ટીબીના સ્ટાફ કર્મચારીઓ દ્વારા તાળાબંધી કરીને ટીબીના અધિકારીને ગુલાબનું ફુલ આપીને હડતાળની શરૂઆત કરી હતી. કર્મચારીઓના પ્રશ્નોમાં પગાર, અને રજા મુખ્યત્વે છે તે સિવાય અનેક પ્રશ્નોનો નિકાલ આજ દિન સુધી ન આવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠયો છે. ત્યારે ટીબીના કર્મચારીઓના પોતાના પડતર પ્રશ્નનો વર્ષોથી નિકાલ ન આવતા આજરોજ હડતાળનું શસ્ત્ર ઉગામ્યું હતું. જયારે તા.૫ ના રોજ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે પણ કર્મચારીઓ દ્વારા એકદિવસીય પ્રતિક ધરણાનું આયોજન કરાયું છે.

ગુજરાત આર.એન.ટી.સી.પી.કરારબધ્ધ કર્મચારી સંઘ દ્વારા ટીબી ના કર્મચારીઓના પ્રશ્નોને લઈ અનેકવાર ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરી છે. છતા આજદિન સુધી કોઈ નિકાલ આવ્યો નથી. કર્મચારીઓના પ્રશ્નોમાં લોયલ્ટી બોનસ સાથે મંજર પગાર વધારો તત્કાલ અમલી બનાવવો તેમજ તેની લેખિત ખાતરી આપવી, કૌંટુબીક આરોગ્ય માટે મા-કાર્ડ અને આર.બી.એસ.વાય અમલીકરણ માટે આદેશ આપવા, સી.એલ, સીક લીવ, વધારાની રજા, માટે દરેક જિલલા ક્ષય અધિકારીઓને સીધા આદેશ આપવા કારણ કે એન એચ એમમાં ૧૧ રજાનો ઉલ્લેખ છે જેને પગલે અધિકારીઓ ગેરમાર્ગે દોરે છે. અકસ્માત મૃત્યુ સહાય અને ચાલુ ફરજ દરમિયાન કુદરતી મૃત્યુ સહાય બાબત, આરએનટીસીપી કર્મચારીને સમાન ક્ષુલ્લક કે વિના વાંકે હેરાન કરતા અધિકારી-કર્મચારીને સીધી ફરિયાદ કરી શકાય તેવો આદેશ આપવા, કર્મચારીઓને પગાર ભથ્થા અને બિલો સમયસર પાસ કરવા, ઈન્ફેકશન એલાઉન્સ અને જો ટીબી થયો હોય તો સારવારના શરૂઆતમાં ઓછામાં ઓછી ૪૫ દિવસની અને વધુમાં વધુ ૯૦ દિવસની સવેતન રજા અંગે આદેશ કરી આપવો, સહિતના પ્રશ્નનો સમાવેશ થાય છે.

ટીબીના કર્મચારીઓ દ્વારા લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા સરકારના પેટનું પાણી હલતું નથી. ત્યારે આજે સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે કર્મચારીઓએ તાળાબંધી કરીને સુત્રોચ્ચાર કર્યા હતા. જયારે તા.૫ ના રોજ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસીય પ્રતિક ધરણા યોજીને પોતાના પડતર પ્રશ્નો અંગે જિલ્લા કલેકટર અને ઉચ્ચકક્ષાએ આવેદન પત્ર આપશે.

# જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરના પ્રમુખ તરીકે હિતેષ કોઠારી




ગાંધીનગર, તા.૪

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરના વર્ષ ૨૦૧૮-૧૯ના નવનિયુકત પ્રમુખ પદે હિતેષ કોઠારીની વરણી કરવામાં આવી છે. તાજેતરમાં જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરનો સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે શપથવિધી સમારોહ યોજાયો હતો. જેમાં ફેડરેશન અને રીજીયનના પદાધિકારીઓ મનિષભાઈ શાહ, પિનાકીનભાઈ શાહ, અરવિંદ દોશી, આર.ડી.ગાંધી, અને નિતિકાબેન શાહની ઉપસ્થિતિમાં નવનિયુકત પ્રમુખ હિતેષ કોઠારીએ શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમના સ્થાપક પ્રમુખ સૂર્યકાન્તભાઈ મહેતા, વિનોદ શાહ, પારસ સંઘવી, કમલકિશોર જૈન, ડો.બી.કે.જૈન, ડો.દિપકભાઈ મહેતા, અરવિંદભાઈ શાહ, સહિત પૂર્વ પ્રમુખો અને નિનાબેન ઝાટકીયા (પ્રમુખ સંગીની ફોરમ) ઉપસ્થિત રહ્યા હતા. જૈન સોશ્યલ ગૃપની વર્ષ ૨૦૧૮-૧૯ ની ટીમમાં પ્રમુખ તરીકે હિતેષ કોઠારી, ઉપપ્રમુખ તરીકે કૌશિકભાઈ શાહ તથા મુધસુદન વોરા, મંત્રી તરીકે હરેશભાઈ લાખાણી, સહમંત્રી તરીકે નિલેશભાઈ શાહ, કલ્પેશભાઈ શાહ, અને ખજાનચી તરીકે ભરતભાઈ કોટડીયા સહિત સમગ્ર કારોબારીના સભ્યોએ શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે મોટીસંખ્યામાં જૈન સોશ્યલ ગૃપના સભ્યો, હોદેદારો હાજર રહ્યા હતા.

## આંબેડકર હોલમાં દલિત સાહિત્ય અંગે વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સે-૧૨ આંબેડકર હોલ ખાતે દલિત સાહિત્ય મંચ દ્વારા આંબેડકર સપ્તાહની ઉજવણી કરાશે. જે અંતર્ગત દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા આગામી ૭ એપ્રિલથી ૧૩ એપ્રિલ સુધી વ્યાખ્યાન સાંજે ૬ વાગ્યાથી આંબેડકર હોલ સમિતિ ખંડ સે-૧૨ ખાતે યોજાશે જેમાં આંબેડકર સાહેબના પુસ્તક અને દલિત સાહિત્યના પુસ્તક પર વ્યાખ્યાન યોજાશે.

## અરવિંદ કેન્દ્ર ખાતે ૮મીએ 'સાવિત્રી' પર રંજનબેન વૈદ્યનું પ્રવચન

ગાંધીનગર, તા.૪

શ્રી અરવિંદ કેન્દ્ર સેકટર-૨૩ ખાતે તા. ૮મી એપ્રિલના રવિવારે સવારે સાડા દશ વાગે શ્રી અરવિંદના આધ્યાત્મિક સર્જન મહાકાવ્ય 'સાવિત્રી' ઉપર જાણીતા શિક્ષણ વેદ અને શ્રી અરવિંદના જીવન દર્શનના અભ્યાસુ સુ શ્રી રંજનબેન વૈદ્યનું પ્રવચન રાખવામાં આવેલ છે. રસ ધરાવનારને હાજર રહેવા ચેરમેન ડૉ. સી.કે. તન્નાએ જણાવેલ છે.

# આઈપીએલ મેચોને લઈ સટ્ટોડીયાઓ સક્રીય બન્યા

ગાંધીનગર, તા.૪

ક્રિકેટ રસીયાઓ માટે આગામી ૭મીથી આઈપીએલની મેચોનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટને લઈ ક્રિકેટ મેચ પર લાખો કરોડોનો સટ્ટો ખેલતા સટ્ટોડીયા સક્રીય થઈ રહ્યા છે. સટ્ટામાં પોલિસ ખલેલ રૂપ ના બને માટે સટ્ટોડીયાઓ વિવિધ ગુપ્ત સ્થળો પર બુકીંગ અને ગોઠવણ કરી રહ્યા છે.

આગામી ૭મી એપ્રિલથી આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટનો રંગે ચંગે પ્રારંભ થશે. ક્રિકેટના રસીયાઓ માટેના આ મનોરંજનનો ખેલ હવે ખેલ કરતા સટ્ટોડીયાઓનો ધંધો બની ગયો છે.

આઈપીએલ મેચનો પ્રારંભ થાય એ પહેલા જ ગાંધીનગર સહિતના મોટા ભાગના સટ્ટોડિયા હરકતમાં આવી ગયા છે. મીનીટોમાં કરોડો અબજોનો ખેલ ખેલતા આ સટ્ટોડિયા કઈ જગ્યાએથી આ ઓપરેટીંગ સિસ્ટમ ચલાવી રહ્યા છે તે સમજવું હજુ પણ મુશ્કેલ છે. પરંતુ આ સટ્ટોડિયાઓને પોતાના ખેલમાં પોલિસ ખલેલ પેદા ન કરે તે માટ કેટલીક શાંત જગ્યાઓ પર પોતાનો અડ્ડો ગોઠવી રહ્યા છે તો કેટલાક સટ્ટોડિયાઓ હોટલ-રેસ્ટોરન્ટ તેમજ અન્ય ગુપ્ત જગ્યાઓ પર પોતાનું ઠેકાણું શોધી રહ્યા છે જયારે કટલાક ચાલાક સટ્ટોડિયાઓ તો ચાલુ કારમાં બેસીને જ તમામ વહીવટ ચલાવી રહ્યા છે. પોલિસ આ સટ્ટોડિયાઓ કરતા પહેલા સક્રીય બને તે જરુરી છે.

# સે-૨૨ શાલીન કોમ્પ્લેક્ષમાં કોરલ કોર્પોરેશન કંપનીની રેઈડ

### પોલિસને સાથે રાખીને કંપનીએ કરેલી રેઈડમાં શુભમ ગ્રાફીકસનો માલિક લાયસન્સ વગર કોરલ ડ્રો સોફટવેર વાપરતો હોવાનું ખુલ્યુ : માલિક સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૪

કોરલ ડ્રો સહિતના સોફટવેર તૈયાર કરતી કોરલ કોર્પોરેશન કંપનીની મુંબઈ ખાતેની એન્ટી પાયરેસી ફોર્સ દ્વારા ગાંધીનગર પોલિસને સાથે રાખીને સેકટર-૨૨ શાલીન કોમ્પ્લેક્ષમાં શુભમ ગ્રાફીકસમાં દરોડો પાડવામાં આવ્યો હતો. શુભમ ગ્રાફીકસનો માલિક લાયસન્સ વગરના કોરલ ડ્રો સોફટવેર વાપરતો હોવાનું બહાર આવતા બે હાર્ડ ડીસ્ક જપ્ત કરીને દુકાનના માલિક સામે સે-૨૧ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપવામાં આવી છે.

કોરલ કોર્પોરેશન કંપની ડીઝાઈન બનાવવા વપરાતું કોરલ ડ્રો સહિતના સોફ્ટવેર બનાવે છે. મુંબઈના થાણે ખાતે આવેલી આ કંપનીની એન્ટી પાયરેસી ફોર્સના ઈન્સ્પેકટર યોગેશભાઈ સદાશિવ જગદાણીને માહિતી મળી હતી કે ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગરમાં સેકટર-૨૨ ખાતે શાલીન કોમ્પ્લેક્ષમાં આવેલી શુભમ ગ્રાફીકસની દુકાનમાં લાયસન્સ વગરનું કોરલ ડ્રો ઉપયોગ કરી ડીઝાઈનીંગ કરવામાં આવે છે જેને આધારે સ્થાનિક પોલિસને સાથે રાખીને એન્ટી પાયરેસી ફોર્સે રેઈડ કરી હતી. તપાસ કરતા દુકાનમાંથી મળેલા બે કોમ્પ્યુટરમાંથી કોરલ ડ્રો સોફટવેર મળી આવ્યું હતું. જે બંને લાયસન્સ વગરનું હતું. ટીમે દુકાનમાંથી બે હાર્ડ ડીસ્ક જપ્ત કરીને દુકાન માલિક યોગેશ બાબુભાઈ પટેલ (રહે. સે-૪ પ્લોટ નં. ૧૩૩/૨)ની સામે કોપી રાઈટ એકટ હેઠળ ફરિયાદ આપતા પોલિસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## સે-૨૭ વસાહત મહામંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૪

સેકટર-૨૭ વસાહત મહામંડળના નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. પ્રમુખ તરીકે મહેન્દ્રસિંહજી એસ. ચાવડા, મહામંત્રી પદે કમલેશકુમાર જી. પટેલની વરણી કરવામાં આવેલ છે. તદઉપરાંત ઉપપ્રમુખ દ્રુપદભાઈ પી. પટેલ, અશ્વિનચંદ્ર એમ. રાઠોડ, કે.પી. ત્રિવેદી, ખજાનચી જનકરાય એમ. મહેતા, મંત્રી મનુભાઈ એસ. પટેલ, ભરતભાઈ આઈ. પટેલ, હીરાભાઈ બી. પરમાર, સંગઠન કો. ઓર્ડીનેટર પી.જે. રાઠોડ, સંગઠન મંત્રી ધર્મશીભાઈ બી. શર્મા, સહમંત્રી નંદુભાઈ જી. પટેલ અને કારોબારી સભ્ય કરશનભાઈ દેસાઈ, અશ્વિનભાઈ પટેલ તેમજ સલાહકાર તરીકે જયંતિભાઈ એમ. પટેલની વરણી કરવામાં આવેલ છે.

આ વસાહત મંડળમાં શિવશકિત, સ્વસ્તિક, શિવમ, એકતા, સોમેશ્વર, આનંદનગર, ગાયત્રી સોસાયટીનો સમાવેશ થયેલ છે.

## વાંકાનેરડા ગામે રૂપિયાની લેતીદેતીમાં યુવક પર હુમલો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલા વાંકાનેરડા ગામમાં ગઈ કાલે રૂપિયાની લેતી દેતીમાં એક યુવાન ઉપર હિંસક હુમલો થવા પામ્યો હતો. ઉછીના રૂપિયાની ઉઘરાણી બાબતે બિચકેલા મામલામાં યુવાન ગંભીર રીતે ઘવાયો છે. આ મામલે યુવાનની ફરિયાદ લઈ ડભોડા પોલિસે ત્રણ હુમલાખોરો સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે. વાંકાનેરડા ગામના ઉદેસિંહ શાલુજી ઠાકોરની ફરિયાદ લઈ ડભોડા પોલિસે લાલસિંહ નવલસિંહ રાઠોડ, કલ્પેશ જગાભાઈ રાઠોડ અને ટીબાબેન જગાભાઈ રાઠોડ સામે આઈપીસી કલમ ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ અને જીપીએકટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# સે-૭-સી ખાતે જનજાગૃતિ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૪

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર દ્વારા જનજાગૃતિ શિબિર શિવશકિત મહાદેવ મંદિર, સેકટર-૭-સી ખાતે યોજાઈ હતી. જેમાં આરગ્ય સંભાળ, આહાર, પર્યાવરણ અને સોશિયલ મિડીયા અંગે વિશેષ જાણકારી અપાઈ હતી. શહેરના વિવિધ વિસ્તારોના વરિષ્ઠ નાગરિકોએ હાજરી આપી હતી. આ સભાને પેરાલીગલ વોલન્ટીયર જયરામભાઈ સોની તથા અનિલ કકકડ દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું. મોબાઈલ હેન્ડસેટ, ઈન્ટરનેટ વપરાશ દરમિયાન સાવધાની, ફુટ સેફટી એકટ તથા અન્ય જરુરી જાણકારી આપવામાં આવી હતી. અંતમાં ઉપસ્થિત ૩૫ નગરિકોના બ્લડ સુગર ટેસ્ટ કરવામાં આવ્યા હતા. મંદિરના વ્યવસ્થાપક લાલુભા વાઘેલાની આભારવિધિ સાથે શિબિર સંપન્ન થઈ હતી.

# માર્ગ અને મકાન વિભાગ દ્વારા તા. ૬ એપ્રિલના રોજ રકતદાન કેમ્પનું આયોજન

### આ કેમ્પમાં એકત્રિત થયેલ રકત થેલેસેમિયા રોગથી પીડાતા બાળ દર્દીઓને પુરું પાડવામાં આવશે

ગાંધીનગર, તા.૪

માર્ગ અને મકાન વિભાગ પરિવાર સચિવાલય, ગાંધીનગર દ્વારા ૨૧માં રકતદાન કેમ્પનું આયોજન તા.૦૬ એપ્રિલ, ૨૦૧૮ના રોજ સવારના ૧૦.૩૦ થી સાંજના ૪.૦૦ કલાક દરમ્યાન બ્લોક નંબર- ૧૪, ગ્રાઉન્ડ ફલોર, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ કેમ્પનું એકત્રિત થયેલ રકત થેલેસેમિયા રોગથી પીડાતા બાળ દર્દીઓને પુરું પાડવામાં આવનાર છે.

આ ઉમદા માનવતાના કાર્યમાં સચિવાલય ખાતેના વિભાગના કર્મચારીઓ/અધિકારીઓ તેમજ અન્ય તમામ વિભાગના (સચિવાલય પરિવાર)ના અધિકારી/કર્મચારીઓ આ રકતદાન કેમ્પમાં ઉત્સાહભેર ભાગ લેવા માર્ગ અને મકાન વિભાગ રકતદાન સમિતિએ અપીલ કરી છે. આ સિવાય ગાંધીનગરના નગરજનો પણ આ રકતદાન કેમ્પમાં ભાગ લેવા અનુરોધ કર્યો છે.

આ રકતદાન કેમ્પ રાજયના માન.નાયબ મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી અને વિભાગના સચિવશ્રીની મંજૂરીથી યોજવામાં આવી રહ્યો છે. રકતદાન કેમ્પમાં રેડક્રોસ સોસાયટી, અમદાવાદ જિલ્લા શાખા દ્વારા રકત એકત્રિત કરવામાં આવનાર છે.

આ રકતદાન કેમ્પમાં ભાગ લેનાર તમામ રકતદાતાઓને માર્ગ અને મકાન વિભાગ તરફથી એક આકર્ષક "ટ્રાવેલીંગ બેગ" સ્મૃતિચિહન તરીકે ભેટ સ્વરૂપે એનાયત કરવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબેન ભાનુપ્રસાદ રાવલ, ઉ.વ. ૭૯
- સ્વ. બળદેવભાઈ નારણદાસ પટેલ, ઉ.વ. ૭૫